**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. I-03-૨૦૧૫-૧૬**

અરજદાર: શ્રી હમીરભાઇ વસરામભાઇ ભરવાડ,
રહે. મસ્જીદ ફળીયું, મુ. તેજપુર પાવી,
જી.: છોટા ઉદેપુર.

રજુઆત કરનાર: શ્રી હમીરભાઇ વસરામભાઇ ભરવાડ જાતે

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
કરજણ-૨ સબ-ડિવિઝન.

રજુઆત કરનાર: શ્રી વાય. એમ. જીનીયા, નાયબ એન્જીનીયર, ફતેગંજ, વડોદરા સબ-ડિવિઝન તથા પી. એન. ગામીત, જુની.આસી., ફતેગંજ, વડોદરા.

ફરીયાદીની તા. ૧૯.૦૩.૨૦૧૫ની રહેણાંક હેતુ વીજ જોડાણ ફરીથી મેળવવા માટેની અરજી.

તા. ૨૪.૦૪.૧૫ ના રોજ ફરિયાદીની રહેણાંક હેતુનું કપાયેલ વીજ જોડાણ જોડવા માટેની અરજી ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે ફરિયાદી શ્રી હમીરભાઇ વસરામભાઇ ભરવાડ જાતે તથા કાનાભાઇ વસરામભાઇ ભરવાડના પુત્ર વીભાભાઇ કાનાભાઇ તેમજ સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી વાય. એમ. જીનીયા, ડેપ્યુટી એન્જીનીયર, ફતેગંજ, વડોદરા તથા શ્રી પી. એન. ગામીત, જુની.આસી. ફતેગંજ વડોદરાના ફોરમ સમક્ષ હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદીઓ શ્રી હમીરભાઇ વસરામભાઇ ભરવાડ, વિભાભાઇ કાનાભાઇ ભરવાડ અને ઘેલાભાઇ કાનાભાઇ ભરવાડ ફરિયાદ કરેલ છે કે, તેઓ છેલ્લા ૫૦ વર્ષથી "ભરવાડવાસ", એમ.જે.મેટલની બાજુમાં સર્વે નં. ૮૩૦ મા રહે છે. આ રહેઠાણ માટે તેઓને લાઇટ કનેક્શન મળેલ હતા.

૨. ફરિયાદીએ તમામ બિલ અંગેના નાણાં લોક અદાલતમાં સમાધાન કરી ભરપાઇ કરેલ છે. હાલના તબક્કે વીજ કપનીનું કોઇ પણ લ્હેણું બાકી નથી.

૩. ફરિયાદી જ્યાં રહે છે તે જગ્યા માટે કોર્ટ કેસ ચાલી રહ્યો છે. હાઇકોર્ટનો આદેશ થયેલ છે કે, "સદર જગ્યાએ આપ જ્યાં રહો છો ત્યાં જ આપ વસવાટ કરી આપનું જીવન ગુજારો". પરંતુ હાઇકોર્ટના હુકમનો અનાદર કરી, કલેક્ટર ઓફિસના હુકમથી અમોને મળતા લાભો છીનવી લીધેલ છે. અમારા વીજ કનેક્શનો વીજ કંપનીએ કલેક્ટરશ્રીના હુકમ મુજબ કાપી નાખેલ છે. હાલના તબક્કે અમારું ૧૦ નાના બાળકો મળી ફૂલ ૪૨ માણસોનું કુટુંબ લાઇટની સુવિધાથી વંચિત રહીને દિવસો ગુજારી રહ્યું છે. તેથી કાયદાની જોગવાઇ અનુસાર કનેક્શન મેળવવા માંગણી કરેલ છે.

ફરિયાદી તરફે તેઓ જાતે તથા તેઓની સાથે વિભાભાઇ કાનાભાઇ ભરવાડ સુનવણી દરમ્યાન હાજર રહ્યા અને જણાવ્યું કે; તેઓ ફરિયાદ અરજના મથાળે જણાવેલ સ્થળે છેલ્લા ૫૦ વર્ષથી રહે છે. તેઓ સામાવાળા

દ્વારા આપવામાં આવેલ રહેણાંક વીજ જોડાણ ધરાવતા હતા. પરંતુ તેઓના મકાન આશરે દોઢ વર્ષ અગાઉ તોડી પાડવામાં આવેલ. જે હાઇકોર્ટના હુકમ વિરૂદ્ધ છે. ફરિયાદીએ પોતાની રજૂઆત ના સમર્થનમાં હાઇકોર્ટે તા. ૨૧.૧૧.૧૩ ના રોજ કરેલ મૌખિક હુકમ રજૂ કરેલા છે. ફરિયાદીએ હાલમાં તે સ્થળે ફરીથી પોતાના મકાન (ઝુંપડા) બનાવ્યા છે. આ મકાનમાં વીજ જોડાણ આપવા વિનંતી કરેલી છે.

સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી વાય. એમ. જીનીયા, ડેપ્યુટી એન્જીનીયર, ફતેગંજ, વડોદરા તથા શ્રી પી. એન. ગામીત, જુની.આસી. ફતેગંજ વડોદરાના હાજર રહ્યા અને જણાવ્યું કે, ફરિયાદી સદર જગ્યા પર વીજ જોડાણ ધરાવતા હતા. હમીરભાઇ વસરામભાઇ ભરવાડ તથા કાનાભાઇ વી. ભરવાડ ના એ તમામ વીજ બીલ ચૂકતે કરેલ છે. પરંતુ મામલતદાર કચેરી, વડોદરા ના તા. ૨૧.૧૦.૧૩ ના રોજ પત્ર નં. દબાણ/વશી/૧૦૮૮/૨૦૧૩ થી જણાવેલ કે; ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે; મોજે ગોરવા તા. વડોદરા શહેરના રે.સ.નં. ૮૩૦ વાળી સરકારી ગોચર જમીન માં થયેલ બાંધકામ ૪૮ કલાક બાદ દૂર કરવાનો હોઇ આ દબાણકારોને પૂરો પાડવામાં આવતો વીજ પૂરવઠો તાત્કાલિક ધોરણે બંધ કરવા વિનંતી છે. જેથી આ જગ્યા પર આવેલ તમામ પાંચ કનેક્શનો તા. ૨૫.૧૦.૧૩ ના રોજ પી.ડી.સી. કરેલ. હાલમાં તે જગ્યા પર મકાનો છે. ત્યારબાદ મામલતદાર તરફથી કોઇ પત્રવ્યવહાર થયેલ નથી. ફરિયાદી તરફે પણ કોર્ટનો હુકમ રજૂ કરવામાં આવેલ નથી. આમ મામલતદારશ્રીના હુકમ મુજબ દબાણ દૂર કરવા વીજ કનેક્શન બંધ કરવા લેખિતમાં જણાવેલ હોઇ વીજ કનેક્શન કાયમી ધોરણે બંધ કરેલ છે. તેથી ફરીથી વીજ કનેક્શન આપી શકાય નહીં.

સુનાવણી દરમ્યાન ફોરમના સભ્યો હાજર રહ્યા અને બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજોની ચકાસણી કરી. ફરિયાદીનું વીજ જોડાણ તા. ૨૫.૧૦.૧૩ ના રોજ કાપેલ છે. તે અગાઉ નામદાર ગુજરાત હાઇકોર્ટે તા. ૨૫.૧૦.૧૩ ના રોજ સ્ટેટ્સ્કવો નો હુકમ કરેલ છે. જે હુકમ એમ.જી.વી.સી.એલ. ને પણ લાગુ પડે. આમ, વીજ જોડાણ ગેરકાયદેસર કપાયેલ ગણાય. સુનવણી દરમ્યાન સામાવાળા નાયબ ઇજનેરશ્રી ને ફોરમ તરફથી જણાવવવામાં આવેલ કે, મામલતદારશ્રીને પત્ર લખી કનેક્શન આપવા સામે વાંધો હોય તો લખી જણાવે તે મતલબનું લખાણ કરવું. તા. ૦૮.૦૫.૧૩ ના રોજ નાયબ ઇજનેરશ્રીએ ફોરમ સમક્ષ તા. ૨૪.૦૪.૧૫ ના રોજ તેઓએ મામલતદારશ્રીને લખેલ પત્ર ક્રમાંક નં. ૨૨૫૯ નો રજૂ કરેલ છે અને જણાવેલ છે કે મામલતદારશ્રી તરફથી કોઇ લેખિત કે મૌખિક સૂચનો આવેલ નથી.

ફરિયાદીઓ વીજ જોડાણ ધરાવતા હતા. પરંતુ સામાવાળા એમ.જી.વી.સી.એલ. ના એ મામલતદારશ્રી ના તા. ૨૧.૧૦.૧૩ ના પત્ર અનુસાર જેમાં મામલતદારશ્રીએ ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે. સિવિલ એપ્લીકેશન નં. ૬૬૭૬/૨૦૧૩ ના તા. ૧૨.૦૪.૧૩ ના ઓરલ હુકમ મુજબ ફરિયાદીના મકાનનું બાંધકામ તોડી પાડવા હેતુ વીજ જોડાણ બંધ કરવા વિનંતી કરેલ. જેથી સામાવાળાએ ફરિયાદીઓ તથા બાકીનાઓનું વીજ જોડાણ તા. ૨૫.૧૦.૧૩ ના રોજ બંધ કરેલ. પરંતુ ત્યારબાદ મામલતદારશ્રીનાએ પત્રવ્યવહાર કરી આગળની કાર્યવાહી અંગે સામાવાળાને કાંઇ પણ જણાવેલ નથી. તેથી વીજ જોડાણ હાલમાં પણ કાયમી ધોરણે બંધ છે. ત્યારબાદ ફરિયાદીઓએ હાઇકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લીકેશન નં. ૧૬૪૮૧/૧૩ થી ગુજરાત હાઇકોર્ટમાં કેસ દાખલ કરતાં હાઇકોર્ટે તા. ૨૫.૧૦.૧૩ ના રોજ સ્ટેટ્સ ક્વો નો હુકમ કરેલ. મામલતદાર અને કલેક્ટર ને આ હુકમની બજવણી થવા છતાં તેઓએ ફરિયાદીના મકાન (ઝૂંપડા) તોડી પાડેલ. તેથી ગુજરાત હાઇકોર્ટે તા. ૨૧.૧૧.૧૩ ના રોજ મામલતદાર અને કલેક્ટરને કારણ દર્શક નોટીસ કાઢેલ. આમ; મામલતદારશ્રીએ ગુજરાત હાઇ કોર્ટનો તા. ૨૫.૧૦.૧૩ ના રોજનો આદેશ ધ્યાને લીધેલ નહીં અને સામાવાળાને વીજ જોડાણ નહીં કાપવા પણ જણાવેલ નહીં. તેથી સામાવાળાએ વીજ જોડાણ પી.ડી.સી. કરેલ

છે. પરંતુ નામદાર ગુજરાત હાઇકોર્ટે સ્પે. સીવિલ એપ્લીકેશન નં. ૬૬૭૬/૧૩ અન્વયે તા. ૧૨.૦૪.૧૩ ના રોજ કરેલ મૌખિક હુકમ ફરિયાદીની સ્પે. સીવિલ એપ્લીકેશન નં. ૧૬૪૮૧/૧૩ થી રદ્દ કરી. સ્ટેટસ્ક્વો નો હુકમ ફરમાવેલ હોઇ ફરિયાદીનું વીજ જોડાણ ગેરકાયદેસર ડીસકનેક્ટ કરેલ કહેવાય તેથી ફરિયાદીઓને ફરીથી નવીન વીજ જોડાણ આપવામાં આવે તો ન્યાયનું હીત જળવાઇ રહેશે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

સામાવાળા એમ.જી.વી.સી.એલ. ને હુકમ કરવામાં આવે છે કે ફરિયાદી શ્રી હમીરભાઇ વસરામભાઇ ભરવાડને નિયમ મુજબની કાર્યવાહી કરી નવીન વીજ જોડાણ આપવું.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.
(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.
(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.
(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.
(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.
(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.
(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.
(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.
(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.